सत्यमेव जयते

દાખલ તારીખ	**09/04/2024**
રજીસ્ટર્ડ તારીખ	**09/04/2024**
ફેંસલ તારીખ	**30/06/2026**
સમયગાળો	વર્ષ– માસ – દિવસ ૦૨– ૦૨ – ૨૧

કલોલના મે. અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી એન. જે. નાચી) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. કલોલ, જી. ગાંધીનગર.

ક્રિમીનલ કેસ નં.૧૦૦૬/૨૦૨૪

આંક –

ફરિયાદી : **ભરતકુમાર અમથાભાઈ પટેલ**
ઉ.વ. ૪૦, ધંધોઃ નોકરી,
રહે. ચોરીવાળી શેરી, મુ. પો. શંખલપુર,
તા. બહુચરાજી, જી. મહેસાણા–૩૮૪૨૧૦.

વિરૂદ્ધ

આરોપી : **મહેન્દ્રભાઈ આત્મારામભાઈ વાઘેલા**
ઉ.વ. ૩૭, ધંધોઃ નોકરી,
રહે. ઈન્દિરાનગર હુડકોમાં, મુ. પો. છત્રાલ,
તા. કલોલ, જી. ગાંધીનગર–૩૮૨૭૨૯.

ગુન્હોઃ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ.

ફરિયાદ પક્ષ તરફે : વિદ્વાન વકીલશ્રી એચ. એમ. લોસા / પી. આર. કેરાલા
આરોપી પક્ષ તરફે : વિદ્વાન વકીલશ્રી એચ. એસ. પરમાર

-: જજમેન્ટ :-

કેસની ટૂંકમાં હકીકતઃ-

(૦૧) ફરિયાદી પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી ઉપરોક્ત જણાવેલ સરનામે તેમના પરિવાર સાથે રહે છે અને ટોરેન્ટ ફાર્મ કંપની, છત્રાલમાં નોકરી કરે છે અને ટોરેન્ટ ફાર્મા કંપનીમાં વીર એન્જીનીયરીંગ કંપનીનો કોન્ટ્રાક ચાલતો હોઈ અને તેમાં આરોપી નોકરી કરતાં હોઈ, એકબીજાને કંપનીમાં મળવાનું થતું હોવાથી મિત્રતા થયેલી, તેમજ આરોપી અન્ય કંપનીમાં પણ કોન્ટ્રાક્ટ રાખતાં હોઈ, જેના કારણે છેલ્લા ૦૯ વર્ષોથી સારી રીતે એકબીજાને ઓળખે છે.

ફરિયાદીનું ફરિયાદ વિગતે કથન છે કે, આ કામના આરોપીને તેમના ધંધાના કામે અર્થે નાણાંની જરૂરિયાત ઉપસ્થિત થતાં હાથ-ઉછીના નાણાંની માંગણી કરેલ. જેથી, ફરિયાદીએ આરોપીને સને-૨૦૨૦ થી સને-૨૦૨૩ ના સમયગાળા દરમિયાન રૂા.૭,૫૪,૨૨૬/- (અંકે રૂપિયા સાત લાખ ચોપ્પન હજાર બસો છવ્વીસ પુરાં) ટુકડે-ટુકડે તેમની અંગત બચતમાંથી અને પિતાશ્રી, પત્ની તથા મિત્રો પાસેથી મેળવીને આપેલ.

ફરિયાદીનું ફરિયાદ વિગતે કથન છે કે, ફરિયાદીએ આરોપી પાસે હાથ-ઉછીની આપેલ નાણાંની માંગણી કરતાં આરોપીએ તેમની એક્સીસ બેંક, છત્રાલ શાખાનો ચેક નં.૨૪૩૧૫૪, રૂા.૧૩,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા તેર લાખ પચાસ હજાર પુરાં)નો ફરિયાદીને આપેલ. સદર ચેક ફરિયાદીએ તેમની ખાતાવાળી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, કલોલ શાખામાં ભરતાં સદર ચેક તા.૨૮/૦૨/૨૦૨૪ ના રોજ "**Drawers Signature Differs**" ના શેરા સાથે વણચૂક્વ્યો પરત ફરેલ. જેથી, ફરિયાદીએ આરોપીનો રૂબરૂમાં સંપર્ક કરતાં ઉડાઉ જવાબ આપેલ અને જણાવેલ કે,

તારાથી જે થાય તે કરી લે તારા રૂપિયા તો નહિ મળે તેમજ તારે જે કોઈ કરવું હોય તે કરી લેજે તેવી જાસા ધમકીઓ આપેલ. જેથી, સદર ચેક રીટર્ન થતાં ફરિયાદીએ આરોપીને વકીલશ્રી મારફત તા.૧૧/૦૩/૨૦૨૪ ના રોજ લીગલ નોટીસ આર.પી.એ.ડી.થી મોકલાવેલ, જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ ચેકની રકમ ફરિયાદીને ચૂકવી આપેલ નથી અને ફરિયાદીની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આમ, આ કામના આરોપીએ નેગોશીયેબલ ઈન્સ. એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોઈ, ધોરણસરની કાર્યવાહી કરવા તથા ફરિયાદી પાસેથી આરોપીએ લીધેલ રકમ પરત અપાવવા તથા વળતર અપાવવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

ફરિયાદીની ફરિયાદ સાથે સરતપાસનું સોગંદનામું તથા અસલ દસ્તાવેજી પુરાવા રજુ થતાં આરોપી સામે પ્રથમ દર્શનીય ગુન્હો જણાઈ આવતાં અદાલતે આરોપી વિરૂદ્ધ વટાઉ ખત અધિનિયમની કલમ–૧૩૮ મુજબ પ્રોસેસ ઈસ્યુનો હુકમ કરેલ.

ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે કેસ પેપર્સની નકલોઃ–

(૦૨) ફરિયાદીની ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૦ મુજબ સદર ફરિયાદ રજીસ્ટરે દાખલ કરી, આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ સમન્સ કાઢવાનો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૪ અન્વયે હુકમ કરવામાં આવેલ છે. જે સમન્સ આરોપીને ધોરણસર બજી જતાં આરોપી અત્રેની કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ મુજબ ફરિયાદ તથા દસ્તાવેજી પુરાવાની નકલ મળી ગયાની ખાતરી કર્યા બાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૧ મુજબ **આંક–૨૬ થી નિવેદન** નોંધવામાં આવેલ છે. આરોપીએ તેમની સામે આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરેલ છે અને હાલના કેસની

ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવાનું પસંદ કરેલ છે. તેથી, સદર કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા બાબતઃ–

(૦૩) ફરિયાદ પક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

– :: મૌખિક પુરાવો :: –

અ.નં.		સાહેદ	આંક
૧.	ફરિયાદી	ભરતકુમાર અમથાભાઈ પટેલની જુબાની.	૦૪

– :: દસ્તાવેજી પુરાવા :: –

અ.નં.	દસ્તાવેજો	આંક
૧.	અસલ તકરારી ચેક નં.૨૪૩૧૫૪.	૦૬
૨.	અસલ ચેક રીટર્ન મેમો.	૦૭
૩.	આરોપીને પાઠવેલ અસલ નોટીસની સ્થળપ્રત.	૦૮
૪.	આરોપીને નોટીસ આર.પી.એ.ડી. કર્યાની અસલ પાવતી.	૦૯
૫.	પોસ્ટનો ટ્રેકિંગ રીપોર્ટ.	૧૦
૬.	ફરિયાદીના આઈ.ડી. પ્રુફની નકલ.	૧૧
૭.	ફરિયાદીના એસ.બી.આઈ. બેંકના ખાતાના સ્ટેટમેન્ટની નકલ.	૧૨
૮.	ફરિયાદીના એચ.ડી.એફ.સી.બેંકના ખાતાના સ્ટેટમેન્ટની નકલ.	૧૩
૯.	ફરિયાદીના એચ.ડી.એફ.સી.બેંકના ખાતાના સ્ટેટમેન્ટની નકલ.	૧૪
૧૦.	ફરિયાદીના એસ.બી.આઈ. બેંકના ખાતાના સ્ટેટમેન્ટની નકલ.	૩૨

ઉપરોક્ત પુરાવો રજુ થયા બાદ ફરિયાદ પક્ષ તરફે **આંક–૩૩** થી પુરાવો પુરો થયા અંગેની ક્લોઝીંગ પુરશીષ રજુ રાખવામાં આવેલ છે.

ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન તથા પુરાવા બાબતેઃ–

(૦૪) આ કામે ફરિયાદ પક્ષે પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબનું આરોપીનું વિશેષ નિવેદન નોંધતાં આરોપીએ જણાવેલ છે કે, ફરિયાદીએ ઉલટ તપાસમાં ગુગલ પેઈની એન્ટ્રી બતાવેલ છે, તેવો કોઈ વ્યવહાર થયેલ નથી કે, કોઈ એન્ટ્રી આરોપીના ખાતામાં જમા થયેલ નથી, ફરિયાદીએ આરોપી પાસેથી સને–૨૦૨૦ ના લોનના વ્યવહાર પેટે આ ચેક લઈ લીધેલ, ફરિયાદીએ તેમના બેંક ખાતાની સર્ટીફાઈડ નકલ રજુ રાખેલ નથી તેમજ ફરિયાદીએ જણાવેલ રૂા.૭,૫૪,૨૨૬/– રૂપિયાનું ગુગલ પેઈ એન્ટ્રીમાં જણાતું નથી, ફરિયાદી અને આરોપી વચ્ચે એકબીજાના ખાતામાં ગુગલ પેઈની ક્રોસ એન્ટ્રીઓ થયેલ છે.

આરોપી પક્ષે તેમના વિશેષ નિવેદનમાં તેઓ સોગંદ ઉપર પુરાવો આપવા માંગતા નથી કે, બચાવના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવેલ છે પરંતુ, તેઓએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩(૫) અન્વયે અલગથી વધુ એફ.એસ. રજુ કરી જણાવેલ છે કે, આ કામે આરોપીએ તા.૧૦/૦૪/૨૦૨૦ ના રોજ રૂા.૨૦,૫૦૦/– ફરિયાદીના એકાઉન્ટમાં ક્રેડીટ કરેલ છે. જ્યારે ફરિયાદીએ આરોપીના એકાઉન્ટમાં તા.૧૦/૦૪/૨૦૨૦ ના રોજ રૂા.૧૯,૦૦૦/– ક્રેડીટ કરેલ છે. વધુમાં, ફરિયાદીએ આંક–૩૨ થી તા.૨૨/૦૫/૨૦૨૬ ના રોજ રજુ કરેલ યુ.પી.આઈ. સ્ટેટમેન્ટ જોતાં તેમાં અમુક પેમેન્ટ ગુગલ–પેઈથી કરેલાનું છે, જ્યારે માર્ક–૩/૩ તથા માર્ક–૩/૭ જોતાં એન્ટ્રી તા.૦૫/૦૬/૨૦૨૦ ના રોજ રૂા.૨૦,૦૦૦/– ની લોન એન્ટ્રી છે. સદર હકીકત ફરિયાદીએ ઉલટ તપાસમાં કબૂલ કરેલ છે, તેમજ અમુક પેમેન્ટ ગુગલ–પેઈથી રૂા.૩,૫૭,૦૦૦/– આરોપીના ખાતામાંથી ફરિયાદીના ખાતામાં ક્રેડીટ થયેલા છે. આમ, ફરિયાદીનું કહેવાતું લ્હેણું રૂા.૧૩,૫૦,૦૦૦/– એ કાયદેસર લ્હેણું જણાતું નથી કેમ કે, રૂા.૧૩,૫૦,૦૦૦/– માં આરોપીએ ચૂકવેલ રકમ જોતાં કાયદેસરનું લ્હેણું રહેતું નથી.

વધુમાં, વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, ફરિયાદીની ફરિયાદના પેરા–૧૯ માં તા.૨૪/૦૬/૨૦૨૨ ના રોજ રૂા.૬,૭૪૪/– આરોપીને ચૂકવ્યા બાદ ચેકની તા.૨૬/૦૨/૨૦૨૪ પછી કોઈ સતત વ્યવહાર થયેલ હોવાનું જણાતું નથી. જ્યારે ફરિયાદના પેરા–૨૦ મુજબ સને–૨૦૨૦ થી સને–૨૦૨૩ સુધીની કોઈ ગુગલ–પેઈ એન્ટ્રીથી રૂા.૭,૫૪,૨૨૬/– આરોપીના ખાતામાં ક્રેડીટ થયેલાનું કે, ફરિયાદીએ ક્રેડીટ કરેલાનું જણાતું નથી પરંતુ, તેઓ ઉલટ તપાસમાં ગુગલ–પેઈ એન્ટ્રી જણાવે છે.

આમ, ફરિયાદીની ફરિયાદના લ્હેણાં શંકાસ્પદ રહેલા હોઈ, જેથી એન.આઈ.એક્ટની કલમ–૫૬ મુજબ ફરિયાદના લ્હેણાં મુજબ ફરિયાદ હકીકત પુરવાર થતી નથી, તે નામદાર સુપ્રિમ કોર્ટના **ક્રિમીનલ અપીલ નં.૧૯૪૭/૨૦૨૨, દશરથભાઈ ત્રિકમભાઈ પટેલ વિરૂદ્ધ દિનેશ મહેન્દ્રભાઈ પટેલ**ના જજમેન્ટ મુજબ કાયદેસરના લ્હેણાં પૈકીની રકમ સ્વીકારેલ તે મુજબ ફરિયાદીએ બદ્ઈરાદાથી વ્યવહારો છૂપાવી ફરિયાદ દાખલ કરેલ છે.

ફરિયાદ પક્ષે દલીલોઃ

(૦૫) ફરિયાદ પક્ષે વિ.વ.શ્રી પી. આર. કેરાલા દ્વારા આંક–૩૪ થી લેખિત દલીલ રજુ રાખેલ છે, જે ધ્યાને લીધેલ છે. તેઓએ તેમની ફરિયાદ મુજબ તેમજ રજુ કરેલા દસ્તાવેજી પુરાવા આધારે રજુઆત કરેલ છે. વધુમાં, લેખિત દલીલોની વિગતે જણાવેલ છે કે, ફરિયાદીએ તેમની ઉલટ તપાસ દરમિયાન તેમની ફરિયાદ હકીકત મુજબનો પુરાવો આપેલ છે. ફરિયાદીની ઉલટ તપાસ દરમિયાન બચાવ પક્ષ ફરિયાદ વિરૂદ્ધની કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી. વધુમાં, દલીલમાં જણાવેલ છે કે, આ કામના આરોપી રૂા.૩,૪૭,૦૦૦/– ફરિયાદીને ચૂકવી આપેલ હોવાનું જણાવે છે તે વ્યવહાર સને–૨૦૨૦ ના પહેલાનો હતો. હાલનો વ્યવહાર તે અલગ વ્યવહાર છે.

વધુમાં, દલીલ કરી જણાવેલ છે કે, ફરિયાદી દ્વારા આરોપીને પાઠવવામાં કાયદેસરની નોટીસનો આરોપી પક્ષ દ્વારા કોઈ જવાબ આપવામાં આવેલ નથી. વધુમાં, તેઓએ તેમની દલીલમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓનો તથા નામદાર સુપ્રિમ કોર્ટના **Kumar Exports Vs. Sharma Carpets** તથા **Lxmi Dyechem Vs. State of Gujarat** ના ચૂકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોનો ઉલ્લેખ કરેલ છે.

બચાવ પક્ષે દલીલોઃ

(૦૬) બચાવ પક્ષે વિ.વ.શ્રી એચ. એસ. પરમાર દ્વારા આંક–૩૫ થી લેખિત દલીલ રજુ રાખેલ છે, જે ધ્યાને લીધેલ છે. આરોપી પક્ષે દલીલમાં ફરિયાદીની ઉલટ તપાસમાં દરમિયાન લીધેલ બચાવ મુજબની રજૂઆત કરેલ છે. ફરિયાદીએ ફરિયાદમાં ખોટી હકીકત જણાવેલ છે. આ કામના આરોપીએ ફરિયાદીને રૂા.૩,૫૪,૦૦૦/– ચૂકવી દીધેલ હોઈ, ફરિયાદીને આરોપી પાસેથી રૂા.૯,૯૫,૫૦૦/– લેવાના રહે છે પરંતુ, ફરિયાદીએ ચેકમાં સદર રકમના બદલે રૂા.૧૩,૫૦,૦૦૦/– નો વ્યવહાર બતાવીને રૂા.૧૩,૫૦,૦૦૦/– ની રકમ ચેકમાં ભરેલ છે. જેથી, એન.આઈ.એક્ટની કલમ–૫૬ મુજબ રકમની કોઈપણ અંશતઃ રકમ આપી હોય તો કલમ–૧૩૮ મુજબનો ચેક રીટર્નનો કેસ બનતો નથી. જે અંગેનું નામદાર **ક્રિમીનલ અપીલ નં.૧૪૯૭/૨૦૨૦, દશરથભાઈ ત્રિકમભાઈ પટેલ વિરૂદ્ધ હિતેશ મહેન્દ્રભાઈ પટેલ**ના પટેલના ચૂકાદામાં સ્પષ્ટ થયેલ છે. વધુમાં, દલીલોમાં જણાવેલ છે કે, ફરિયાદીએ ફક્ત યુ.પી.આઈ. ટ્રાન્ઝેક્શનના સ્ટેટમેન્ટની ઝેરોક્ષ નકલ રજુ કરેલ હોઈ, તે પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહિ કારણ કે, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩૫(બી) નું બેંક મારફતે કોઈ ઈલેક્ટ્રોનિક સર્ટીફિકેટ રજુ થયેલ નથી કે, બેંકના માહિતગાર કર્મચારીને તપાસેલા નથી. જેથી, સદર પુરાવો માની શકાય નહિ. જેથી, ફરિયાદ પક્ષ તેમની

ફરિયાદ હકીકત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. ફરિયાદીએ એન.આઈ.એક્ટની કલમ–૧૧૮(જી) મુજબ ફ્રોડ કરી હાલની ફરિયાદ દાખલ કરેલ હોય, તેવા સંજોગોમાં આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજૂઆત કરેલ છે.

(૦૭) સદર કેસની હકીકતો ધ્યાને લેતાં કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદીની કાયદેસરની લ્હેણી રકમની ચૂકવણી પેટે આરોપીએ તેમના ખાતાનો એક્સીસ બેંક, છત્રાલ શાખાનો તા.૨૬/૦૨/૨૦૨૧ ના રોજનો ચેક નં.૨૪૩૧૫૪, રૂા.૧૩,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા તેર લાખ પચાસ હજાર પુરાં) નો ચેક ફરિયાદીને આપેલ અને સદરહું ચેક ફરીયાદીએ તેમની બેંકમાં રજુ કરતાં વણચૂકવ્યો પરત ફરતાં ફરિયાદીએ આરોપીને કાયદેસરની નોટીસ આપવા છતાં સદરહું રકમ નહી ચૂકવી આપી, આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે ?

૨. શું હુકમ ?

(૭.૧) મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

// કારણો //

(૦૮) આ કામે આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુન્હાની ફરીયાદ દાખલ કરેલ છે, ત્યારે કલમ–૧૩૮ ના મહત્વના તત્વોમાં એક મહત્વનું તત્વ એ પણ છે કે, આપવામાં આવેલ ચેક કાયદેસરના દેવા યા

જવાબદારી અદા કરવાના ભાગરૂપે આપેલ હોય, કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ ચેક ગિફ્ટ અથવા ડોનેશન પેટે આપેલ હોય યા કોઈ દેવા કે અન્ય જવાબદારીના ભાગરૂપે ડ્રોઅરે પેઈને આપેલ ન હોય તો ચેક ગમે તે કારણસર પરત ફરવાથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો બનતો નથી. વધુમાં, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ જોઈએ તો, તેમાં ચેક ધારણ કરનારે ચેક દેવા અથવા અન્ય જવાબદારી ભાગરૂપે ડ્રોઅર પાસેથી મેળવેલ છે તેવું કોર્ટ અનુમાન કરશે સિવાય કે આરોપી વિરૂદ્ધનું પુરવાર કરે, એટલે કે, કલમ–૧૩૯ મુજબનું અનુમાન ખંડનીય છે. કલમ–૧૧૮ જોતાં વટાઉખતના અવેજ, તારીખ, સ્વીકારનો સમય, તબદિલી સમય, શેરાઓના ક્રમ, સ્ટેમ્પ, ધારક યથાક્રમધારક છે તેમ માની લેવા વિશે અનુમાન કરશે. સદર અનુમાન ખંડનીય છે. ઉપરોક્ત જોગવાઈ મુજબ ફરિયાદ પક્ષે એ હકીકત પ્રસ્થાપિત કરવાની રહે છે કે, ચેક લખ્યાની તારીખથી છ માસ (હવે ત્રણ માસ) અથવા ચોક્કસ સમયમર્યાદામાં એ બેમાંથી જે વહેલું હોય તે મુદ્દતમાં તેણે રજુ કર્યો હતો. આ ચેક પોતાના ખાતામાં ભર્યેથી અને પરત આવ્યેથી ૩૦ દિવસમાં રકમ ચૂકવવામાં ચેક લખનાર નિષ્ફળ ગયા બાદ એક મહિનામાં ફરીયાદીએ ફરિયાદ દાખલ કરેલી હતી. સાથે સાથે એ પણ પ્રસ્થાપિત કરવું પડે કે, આવો ચેક કાયદેસરની જવાબદારી અદા કરવા લખેલ હતો. જે અનુસંધાને ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો **ફરીયાદીએ આ કામે આંક–૦૬ થી અસલ તકરારી ચેક રજુ કરેલ છે તે ચેકમાં તા.૨૬/૦૨/૨૦૨૪ લખેલ છે જે ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં ભરતાં આંક–૦૭ ના બેંક રીટર્ન મેમાથી તા.૨૭/૦૨/૨૦૨૪ ના રોજ "Drawers Signature Differs" ના શેરા સાથે વણચૂકવ્યો પરત ફરેલ છે. તેથી, એ હકીકત પ્રસ્થાપિત થાય છે કે, ફરીયાદીએ નિયત સમયમાં ચેક બેંકમાં રજુ કર્યો હતો. સદર ચેક પરત આવ્યેથી ફરીયાદીએ તા.૧૧/૦૩/૨૦૨૪ ના રોજ તૈયાર કરેલી નોટીસ તે જ દિવસે**

પોસ્ટથી મોકલેલ છે. તે આંક–૦૮ ની નોટીસ તથા આંક–૦૯ ની પોસ્ટ ખાતાની સફેદ પાવતી પરથી ફલિત થાય છે. જેથી, પ્રસ્થાપિત થાય છે કે, સમયમર્યાદામાં નોટીસ આપેલ છે. સદર નોટીસ આરોપીને તા.૧૨/૦૩/૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે, તેવું આંક–૧૦ થી રજુ પોસ્ટ ખાતાના ટ્રેકિંગ રીપોર્ટ પરથી ફલિત થાય છે. આમ, તા.૧૨/૦૩/૨૦૨૪ ના રોજ નોટીસ બજી ગયા બાદ આ કામના ફરીયાદીએ તા.૦૯/૦૪/૨૦૨૪ ના રોજ ફરિયાદ દાખલ કરેલ છે, જે જોતાં ફરીયાદ કાયદાકીય જોગવાઈ મુજબ યોગ્ય રીતે મુદ્દતમાં દાખલ કરેલ છે.

(૦૯) આમ, પુરાવો જોતા ટેકનિકલી હાલની ફરીયાદને કોઈ બાધ નડતો નથી પરંતુ, સાથોસાથ કાયદાકીય નિયત કરેલ સિદ્ધાંત મુજબ પ્રથમ તબક્કે ફરીયાદીનો પ્રાઈમાફેસી કેસ, ત્યારબાદ ફરીયાદી તરફેનું કાયદાકીય અનુમાન, ત્યારબાદ આરોપી તરફેનો રીબર્ટલ પુરાવો અને જો આરોપી આવા અનુમાનનો રીબર્ટલ પુરાવો આપે તો ત્યારબાદ વ્યાજબી શંકાથી પર ફરિયાદીએ પ્રસ્થાપિત કરવાનું છે કે, હાલનો ચેક આરોપી દ્વારા તેઓની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપવામાં આવ્યો હતો અને કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ હાલની ફરીયાદને કોઈ બાધ નડતો નથી. જે સંબંધે બચાવ પક્ષે લેવામાં આવેલ તકરારો અને રજુ થયેલ પુરાવાઓનું એકસાથે મૂલ્યાંકન કરવું જરૂરી બને છે.

ફરીયાદ પક્ષ તરફે રજુ મૌખિક પુરાવોઃ

(૧૦) આ કામે ફરિયાદ પક્ષે પોતાની હકીકત પુરવાર કરવા માટે **આંક–૦૫** થી **ફરિયાદી – ભરતકુમાર અમથાભાઈ પટેલ**નું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓએ તેમની ફરિયાદમાં જણાવ્યા મુજબની હકીકત જણાવેલ હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી અત્રે તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. તેમજ ફરિયાદીએ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કર્યા મુજબના દસ્તાવેજો તેમના પુરાવાના સોગંદનામામાં રીફર કરેલા છે.

આંક–૦૪ થી જુબાની આપનાર ફરિયાદીએ બચાવ પક્ષની ઉલટ તપાસમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, મેં બેંકમાંથી નાણાં ઉપાડ્યા ત્યારબાદ ગુગલ પેઈ કરી તે નાણાં આરોપીને ચૂકવી આપ્યા તે હકીકત પુરવાર કરતો કોઈ લેખિત દસ્તાવેજી પુરાવો તમારી પાસે નથી. એ વાત ખરી નથી કે, તા.૧૦/૦૪/૨૦૨૦ ના રોજ રૂા.૧૯,૦૦૦/– ની રકમ મેં બેંકમાંથી ઉપાડેલ, ગુગલ–પેઈ કર્યા તે હકીકત તમારી નોટીસ, ફરિયાદ કે, સરતપાસમાં જણાવેલ છે પરંતુ, તમે રૂા.૧૯,૦૦૦/– ની એન્ટ્રી ગુગલ–પેઈ કરી, તેનો કોઈ દસ્તાવેજી પુરાવો મારી પાસે નથી. તમે ગુગલ–પેઈ થી રૂા.૧૯,૦૦૦/– ચૂકવ્યાની એન્ટ્રી રજુ કરવા તૈયાર છો તેના જવાબમાં સાહેદ હા પાડે છે. એ વાત ખરી નથી કે, મારી ફરિયાદમાં મેં ખોટી હકીકત જણાવેલ છે. એ વાત ખરી છે કે, મેં આરોપીને રૂા.૭,૫૪,૨૨૬/– ઓનલાઈન ચૂકવેલા છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અલગ–અલગ તારીખે એમ કરીને કુલ આ રકમ આપેલી છે. વધુમાં, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ઉપરના જે રૂપિયા ઓનલાઈન આપેલા તે સિવાયના રૂપિયા રોકડેથી મિત્રો પાસેથી લઈને ચૂકવેલા છે, એમ કુલ રૂા.૧૩,૫૦,૦૦૦/– થતાં હતાં તેનો ચેક આરોપીએ મને આપેલો છે. એ વાત ખરી છે કે, મેં આ કામે કોઈ આઈ.ટી. રીટર્ન રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, અમોએ આરોપીને ઓનલાઈન મોકલેલ રૂા.૭,૫૪,૨૨૬/– આરોપીના ખાતામાં જમા થયા હોય તે દર્શાવતો કોઈ આધાર–પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, તકરારી ચેક સિગ્નેચર ડીફરના શેરા સાથે પરત આવેલ છે.

એ વાત ખરી નથી કે, મે આરોપીને રૂા.૧૩,૫૦,૦૦૦/– નું કોઈ ટ્રાન્ઝેક્શન કરેલ નથી. એ વાત ખરી નથી કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. એ વાત ખરી નથી કે, મારી ફરિયાદ, સરતપાસ તથા નોટીસ ખોટી છે.

અગાઉની ઉલટ તપાસ દરમિયાન અમારી પાસેથી તા.૧૦/૦૪/૨૦૨૦ ના રોજ રૂા.૧૯,૦૦૦/– ની ગુગલ–પેઈથી ટ્રાન્સફર કર્યાની એન્ટ્રી રજુ કરવા જણાવેલ તે આજરોજ રજુ કરૂ છું. જેને રજુ દાખલ **આંક–૩૨** આપવામાં આવે છે.

એ વાત ખરી છે કે, તા.૧૦/૦૪/૨૦૨૦ ના રોજ આરોપી માહિરમહી ઈ–મેઈલ આઈ.ડી. બતાવેલ છે જેમાં આરોપીએ રૂા.૨૦,૫૦૦/– ફરિયાદીના ખાતામાં ક્રેડીટ કરેલા છે. એ વાત ખરી છે કે, અમોએ આરોપીના ખાતામાં તા.૧૦/૦૪/૨૦૨૦ ના રોજ રૂા.૧૯,૦૦૦/– ક્રેડીટ કરેલા છે. એ વાત ખરી છે કે, આરોપીએ અમો ફરિયાદીના રજુ કરેલા યુ.પી.આઈ. સ્ટેટમેન્ટ મુજબ અમુક પેમેન્ટ ગુગલ–પેથી કરેલાનું છે. મને માર્ક–૩/૭ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, એ વાત ખરી છે કે, તા.૦૫/૦૬/૨૦૨૦ ના રોજ રૂા.૨૦,૦૦૦/– ની લોન એન્ટ્રી છે. એ વાત ખરી છે કે, ગુગલ–પેઈની એન્ટ્રી જોતાં આરોપીએ અમને કુલ રૂા.૩,૪૭,૫૦૦/– ચૂકવી આપેલા છે.

એ વાત ખરી નથી કે, અમારી નોટીસ, ફરિયાદ અને સરતપાસમાં અમોએ નાણાંકીય વ્યવહાર બાબતે અલગ–અલગ હકીકતો જણાવેલ છે.

(૧૧) આરોપીએ તેમના વિશેષ નિવેદનમાં બચાવ લીધેલ છે કે, ફરિયાદીએ ઉલટ તપાસમાં ગુગલ પેઈની એન્ટ્રી બતાવેલ છે, તેવો કોઈ વ્યવહાર થયેલ નથી કે, કોઈ એન્ટ્રી આરોપીના ખાતામાં જમા થયેલ નથી, ફરિયાદીએ આરોપી પાસેથી સને–૨૦૨૦ ના લોનના વ્યવહાર પેટે આ ચેક લઈ લીધેલ, ફરિયાદીએ તેમના બેંક ખાતાની સર્ટીફાઈડ નકલ રજુ રાખેલ નથી તેમજ ફરિયાદીએ જણાવેલ રૂા.૭,૫૪,૨૨૬/– રૂપિયાનું ગુગલ પેઈ એન્ટ્રીમાં જણાતું નથી, ફરિયાદી અને આરોપી વચ્ચે એકબીજાના ખાતામાં ગુગલ પેઈની ક્રોસ એન્ટ્રીઓ થયેલ છે.

વધુમાં, આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩(૫) અન્વયે વધુ વિશેષ નિવેદન રજુ રાખી બચાવ લીધેલ છે કે, આરોપીએ તા.૧૦/૦૪/૨૦૨૦ ના રોજ રૂા.૨૦,૫૦૦/– ફરિયાદીના એકાઉન્ટમાં ક્રેડીટ કરેલ છે. જ્યારે ફરિયાદીએ આરોપીના એકાઉન્ટમાં તા.૧૦/૦૪/૨૦૨૦ ના રોજ રૂા.૧૯,૦૦૦/– ક્રેડીટ કરેલ છે. વધુમાં, ફરિયાદીએ આંક–૩૨ થી તા.૨૨/૦૫/૨૦૨૬ ના રોજ રજુ કરેલ યુ.પી.આઈ. સ્ટેટમેન્ટ જોતાં તેમાં અમુક પેમેન્ટ ગુગલ–પેઈથી કરેલાનું છે, જ્યારે માર્ક–૩/૩ તથા માર્ક–૩/૭ જોતાં એન્ટ્રી તા.૦૫/૦૬/૨૦૨૦ ના રોજ રૂા.૨૦,૦૦૦/– ની લોન એન્ટ્રી છે. સદર હકીકત ફરિયાદીએ ઉલટ તપાસમાં કબૂલ કરેલ છે, તેમજ અમુક પેમેન્ટ ગુગલ–પેઈથી રૂા.૩,૫૭,૦૦૦/– આરોપીના ખાતામાંથી ફરિયાદીના ખાતામાં ક્રેડીટ થયેલા છે. આમ, ફરિયાદીનું કહેવાતું લ્હેણું રૂા.૧૩,૫૦,૦૦૦/– એ કાયદેસર લ્હેણું જણાતું નથી કેમ કે, રૂા.૧૩,૫૦,૦૦૦/– માં આરોપીએ ચૂકવેલ રકમ જોતાં કાયદેસરનું લ્હેણું રહેતું નથી.

વધુમાં, વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, ફરિયાદીની ફરિયાદના પેરા–૧૯ માં તા.૨૪/૦૬/૨૦૨૨ ના રોજ રૂા.૬,૭૪૪/– આરોપીને ચૂકવ્યા બાદ ચેકની તા.૨૬/૦૨/૨૦૨૪ પછી કોઈ સતત વ્યવહાર થયેલ હોવાનું જણાતું નથી. જ્યારે ફરિયાદના પેરા–૨૦ મુજબ સને–૨૦૨૦ થી સને–૨૦૨૩ સુધીની કોઈ ગુગલ–પેઈ એન્ટ્રીથી રૂા.૭,૫૪,૨૨૬/– આરોપીના ખાતામાં ક્રેડીટ થયેલાનું કે, ફરિયાદીએ ક્રેડીટ કરેલાનું જણાતું નથી પરંતુ, તેઓ ઉલટ તપાસમાં ગુગલ–પેઈ એન્ટ્રી જણાવે છે.

રેકર્ડ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ

(૧૨) ઉપરોક્ત ફરિયાદ હકીકત તથા ફરિયાદીની જુબાની તથા આરોપીનું વિશેષ નિવેદન ધ્યાને લેતાં સદર કામે કાયદાકીય જોગવાઈઓનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે.

એન.આઈ.એક્ટની કલમ–૧૫, ૧૮, ૫૬, ૮૭, ૧૩૮ તથા ૧૩૯ ની જોગવાઈઓ નીચે મુજબ છે.

કલમ–૧૫. શેરોઃ– વટાઉખત કરી આપનાર અથવા તેના ધારક તે ખતની પાછળ કે તેના આગળના ભાગમાં અથવા તેની સાથે જોડેલા કાગળ ઉપર ખત વટાવવાના હેતુથી, ખત કરી આપનાર તરીકે નહિ પણ અન્યથા, સહી કરે અથવા વટાઉખત તરીકે જેને પૂર્ણ કરવાનો ઈરાદો હોય એવા સ્ટેમ્પવાળા કાગળ ઉપર એ જ હેતુથી સહી કરે ત્યારે, તેણે તેના ઉપર શેરો કર્યો કહેવાય અને તે "**શેરો કરનાર**" કહેવાય.

કલમ–૧૮. રકમ, આંકડામાં અને અક્ષરોમાં જુદી જુદી દર્શાવી હોય ત્યારેઃ– જે રકમ ચૂકવવાની જવાબદારી લેવામાં આવી હોય અથવા ચૂકવવાનો આદેશ કર્યો હોય તે રકમ, આંકડામાં અને અક્ષરોમાં જુદી જુદી દર્શાવી હોય તો અક્ષરોમાં દર્શાવેલી રકમ ચૂકવવાની જવાબદારી લીધેલી અથવા ચૂકવવાનો આદેશ કરેલી રકમ ગણાશે.

કલમ–૫૬. લેણી રકમના એક ભાગ માટેનો શેરોઃ– કોઈ વટાઉ ખત ઉપરના લખાણથી તે ખત ઉપરથી લેણી હોવાનું જણાતી રકમને ફક્ત એક ભાગ તબદીલ કરવાનું અભિપ્રેત થતું હોય તો એવું કોઈ લખાણ, તે ખત વટાવવાના હેતુ માટે કાયદેસરનું નથી; પરંતુ એવી રકમ અંશતઃ ચૂકવી દેવામાં આવી હોય ત્યારે તે ખત વટાવી શકાશે.

કલમ–૮૭. મહત્વના ફેરફારોની અસરઃ– વટાઉ ખતમાં મહત્વનો ફેરફાર કરવાથી એવો ફેરફાર કરતી વખતે તે વટાઉખતનો પક્ષકાર હોય અને જેણે તેવો ફેરફાર કરવાની સંમતિ આપી ન હોય તેવી કોઈપણ

વ્યક્તિ સામે તે વટાઉ ખત રદ્દ બાતલ બને છે, સિવાય કે એવો ફેરફાર મૂળ પક્ષકારોનો સમાન ઈરાદો બર લાવવા માટે કરવામાં આવ્યો હોય;

શેરેદાર કરેલો ફેરફારઃ– અને કોઈ શેરેદારે એવો કોઈ ફેરફાર કર્યો હોય, તો તેના અવેજ અંગેની તેના પ્રત્યેની તમામ જવાબદારીમાંથી તેની તરફેણમાં શેરો કરનાર મુક્ત થાય છે.

આ કલમની જોગવાઈઓ, કલમ–૨૦, ૪૯, ૮૬ અને ૧૨૫ ની જોગવાઈઓને અધીન છે.

કલમ–૧૩૮. ખાતામાં અપૂરતા ફંડ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર થવા બાબતઃ– સમગ્ર અથવા અંશતઃ દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે બેન્કર પાસેના પોતાના ખાતામાંથી, બીજી વ્યક્તિને નાણાંની રકમ ચૂકવવા માટે તે ખાતામાંથી કોઈ વ્યક્તિએ લખેલ કોઈ ચેક, તે ખાતામાં જમા નાણાં રકમ, ચેક સ્વીકારવા માટે અપૂરતા હોવાના અથવા તે બેંક સાથે કરેલી કબૂલાત દ્વારા તે ખાતામાંથી ભરવાની ગોઠવણ કરેલી રકમ કરતાં વધુ, હોવાને કારણે, ભરપાઈ થયા વિના બેંક પરત કરે, ત્યારે તેવી વ્યક્તિએ ગુન્હો કર્યો હોવાનું ગણાશે અને તેને આ અધિનિયમની બીજી કોઈપણ જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, બે વર્ષ સુધીની કેદની અથવા ચેકની રકમ કરતાં બમણી રકમનો દંડ અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

પરંતુ, આ કલમમાંનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ સિવાય કે,

(એ) જે તારીખે ચેક લખ્યો હોય તે તારીખથી છ મહિનાની મુદ્ધતની અથવા તેની કાયદેસરની મુદ્ધત એ બેમાંથી જે વહેલું હોય તેટલી મુદ્ધત અંદર બેંકમાં ચેક રજુ કરવામાં આવ્યો હોય;

(બી) પ્રસંગ પ્રમાણે ચેક લેનાર અથવા તેના ધારક ચેક ભરપાઈ થયા વિના પરત આવવા સંબંધી બેંક પાસેથી તેને માહિતી મળ્યાના ત્રીસ દિવસની અંદર, ચેક લખનારને લેખિતમાં નોટીસ આપીને નાણાંની સદરહું રકમની ચૂકવણી કરવા માટે માંગણી કરી હોય; અને

(સી) એવા ચેકના લખનારે ચેક લેનાર અથવા તેના ધારકને, સદરહું નાણાંની રકમની ચૂકવણી સદરહું નોટીસ મળ્યાના પંદર દિવસની અંદર ન કરી હોય;

સ્પષ્ટીકરણઃ– આ કલમના હેતુઓ માટે "દેવા અથવા બીજી જવાબદારી" એટલે કાયદેસર અમલ કરી શકાય તેવા દેવાં અથવા બીજી જવાબદારી.

કલમ–૧૩૯. ધારકની તરફેણમાં અનુમાનઃ– વિરૂદ્ધનું સાબિત થાય તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશતઃ દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ ૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળ્યો છે.

(૧૩) ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને રાખી જોતાં આરોપીએ તેમના વિશેષ નિવેદનમાં બચાવ લીધેલ છે કે, "ગુગલ પેઈથી રૂા.૩,૫૭,૦૦૦/– આરોપીના ખાતામાંથી ફરિયાદીના ખાતામાં ક્રેડીટ થયા છે. આમ, ફરિયાદીનું લ્હેણું રૂા.૧૩,૫૦,૦૦૦/–

એ કાયદેસરનું લ્હેણું જણાતું નથી કેમ કે, રૂા.૧૩,૫૦,૦૦૦/– આરોપીએ ચૂકવેલ રકમ જોતાં કાયદેસરનું લ્હેણું રહેતું નથી." સદર બાબતે વિશ્લેષણ કરીએ તો ફરિયાદીની ઉલટ તપાસ તથા દલીલોમાં રકમ આપવા બાબતે ગુગલ પેઈ–રોકડાં–ચેક વિગેરે બાબતે તફાવત છે. ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ છે કે, આરોપીએ સને–૨૦૨૦ થી સને–૨૦૨૩ સુધીમાં ધંધાના કામ અર્થે રૂા.૭,૫૪,૨૨૬/– અંકે રૂપિયા સાત લાખ ચોપ્પન હજાર બસો છવ્વીસ પુરાં ટુકડે–ટુકડે રોકડેથી, તેમની બચતમાંથી અને પિતાશ્રી તથા પત્ની તથા મિત્ર પાસેથી મેળવીને ચૂકવી આપેલા અને આરોપીએ અમો ફરિયાદી પાસેથી રોકડેથી ગણીને સ્વીકારેલા. જ્યારે ફરિયાદીની ઉલટ તપાસ દરમિયાન ફરિયાદી જણાવે છે કે, "એ વાત ખરી છે કે, મેં આરોપીને રૂા.૭,૫૪,૨૨૬/– ઓનલાઈન ચૂકવેલા છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અલગ–અલગ તારીખે એમ કરીને કુલ આ રકમ આપેલી છે. વધુમાં, સ્વેચ્છાએ જણાવેલ છે કે, ઉપરના જે રૂપિયા ઓનલાઈન આપેલા તે સિવાયના રૂપિયા રોકડેથી મિત્રો પાસેથી લઈને ચૂકવેલા છે, એમ કુલ રૂા.૧૩,૫૦,૦૦૦/– થતાં હતાં તેનો ચેક આરોપીએ મને આપેલો છે." જ્યારે ફરિયાદી તેમની લેખિત દલીલોમાં જણાવે છે કે, "અમો ફરિયાદીએ આ કામના આરોપીને રૂા.૫,૯૫,૭૭૪/– અંકે રૂપિયા પાંચ લાખ પંચાણું હજાર સાતસો ચુમ્મોતેર પુરા ઓનલાઈ આપેલા તથા રૂા.૭,૫૪,૨૨૬/– અંકે રૂપિયા સાત લાખ ચોપ્પન હજાર બસો છવ્વીસ પુરાં રોકડેથી આપેલા. આમ, અમો ફરિયાદીએ આ કામના આરોપીને કુલ રૂા.૧૩,૫૦,૦૦૦/– અંકે રૂપિયા તેર લાખ પચાસ હજાર પુરાં ઓનલાઈન તેમજ ચેક દ્વારા ચૂકવી આપેલ હતાં." આમ, ફરિયાદીની ફરિયાદ, ફરિયાદીની ઉલટ તપાસમાં તેમજ લેખિત દલીલોમાં રકમ આરોપીને કેવી રીતે અને કેટલી ચૂકવેલી છે તે બાબતે મહત્વનો વિરોધાભાસ આવે છે, જે બાબતે વાજબી શંકા ઉભી થાય છે. વધુમાં, ફરિયાદીની ફરિયાદ મુજબ રૂા.૭,૫૪,૨૨૬/– આરોપીને

આપેલા છે તો હાલનો તકરારી ચેક રૂા.૧૩,૫૦,૦૦૦/– ની રકમનો કેવી રીતે છે ? તે બાબતે કોઈ સ્પષ્ટતા ફરિયાદ પક્ષ કરી શકેલ નથી. વધુમાં, ફરિયાદી તેમની ઉલટ તપાસમાં રૂા.૭,૫૪,૨૨૬/– સિવાયની વધારાની રકમ રોકડા આપેલા તેમ જણાવે છે, જ્યારે દલીલોમાં ચેકથી આપેલાનું જણાવે છે, તે બાબતે મહત્વનો વિરોધાભાસ છે.

વધુમાં, ફરિયાદી ઉલટ તપાસમાં જણાવે છે કે, "એ વાત ખરી છે કે, તા.૧૦/૦૪/૨૦૨૦ ના રોજ આરોપી માહિરમહી ઈ–મેઈલ આઈ.ડી. બનાવેલ છે જેમાં આરોપીએ રૂા.૨૦,૫૦૦/– ફરિયાદીના ખાતામાં ક્રેડીટ કરેલા છે. એ વાત ખરી છે કે, અમોએ આરોપીના ખાતામાં તા.૧૦/૦૪/૨૦૨૦ ના રોજ રૂા.૧૯,૦૦૦/– ક્રેડીટ કરેલા છે. એ વાત ખરી છે કે, આરોપીએ અમો ફરિયાદીના રજુ કરેલા યુ.પી.આઈ. સ્ટેટમેન્ટ મુજબ અમુક પેમેન્ટ ગુગલ–પેથી કરેલાનું છે. મને માર્ક–૩/૭ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, એ વાત ખરી છે કે, તા.૦૫/૦૬/૨૦૨૦ ના રોજ રૂા.૨૦,૦૦૦/– ની લોન એન્ટ્રી છે. એ વાત ખરી છે કે, ગુગલ–પેઈની એન્ટ્રી જોતાં આરોપીએ અમને કુલ રૂા.૩,૪૭,૫૦૦/– ચૂકવી આપેલા છે." આમ, ઉલટ તપાસમાં ફરિયાદીએ આવી સ્વીકારેલી હકીકત તેમજ ફરિયાદ પક્ષે રજુ કરેલ ફરિયાદીનું બેંક સ્ટેટમેન્ટ જોતાં આરોપીએ ફરિયાદીને ચૂકવેલ નાણાં મૂળ રકમમાંથી બાદ કરી, બાકી રહેતી લ્હેણી રકમ કાયદેસરની ગણાય. સદર બાબતે એન.આઈ.એક્ટની કલમ–૫૬ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટનો ચૂકાદો **Dashrathbhai Trikambhai Patel Vs. Hitesh Mahendrabhai Patel & Anr., (2022) 10 SC CK 0010** માં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત ધ્યાને લેતાં પણ જ્યારે લ્હેણી રકમ કરતાં વધુ રકમની માંગણી ફરિયાદમાં કરેલ હોય ત્યારે ફરિયાદવાળું લ્હેણું કાયદેસર વસૂલાતને પાત્ર લ્હેણું ગણી શકાય નહિ, તેવું આ અદાલતનું માનવું છે. વધુમાં, હાલના કેસમાં ફરિયાદીએ તેમની નોટીસ અને

ફરિયાદમાં જે રકમ આરોપી પાસેથી માંગેલ છે, તે રકમ એન.આઈ.એક્ટની કલમ-૫૬ તથા ઉપરોક્ત નામદાર સુપ્રિમ કોર્ટનો ચૂકાદો ધ્યાને રાખી જોતાં કાયદેસરની ગણી શકાય નહિ.

આમ, આરોપી પક્ષ ફરિયાદવાળી રકમ બાબતે, રકમ આરોપીને આપવાના પ્રકાર બાબતે, રકમ કોની પાસેથી અને કેવી રીતે મેળવીને આપેલ છે તે બાબતે વાજબી શંકા ઉભી કરી શક્યા છે. વધુમાં, આરોપી પક્ષ એન.આઈ.એક્ટની કલમ-૫૬ મુજબની જોગવાઈઓનું પાલન ફરિયાદ પક્ષે થયેલ ન હોવાનું પુરવાર કરી શકેલ છે.

(૧૪) આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ ફરિયાદીએ આરોપીને આપેલ નોટીસ કાયદાકીય જોગવાઈઓ મુજબની ગણી શકાય તેમ નથી, તેમજ ફરિયાદીની ફરિયાદ કાયદેસરની લ્હેણી રકમની માંગણી માટેની ગણી શકાય તેમ નથી. તેવા સંજોગોમાં **મુદ્દા નં.૧** નો જવાબ **નકારાત્મક** ઠરાવી **મુદ્દા નં.૨** અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

// આખરી હુકમ //

➔ આ કામના આરોપીને **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮** મુજબના ગુન્હામાં **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૧)** હેઠળ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

➔ આ કામના આરોપીએ **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ)** મુજબ અપીલ સમય સુધીના રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરાં) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકાં રજુ રાખવા.

હુકમ આજરોજ તારીખ **૩૦** માહે **જુન**, સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦.૦૬.૨૦૨૬ **સ્થળઃ કલોલ.**	**(નરેન્દ્રકુમાર જેઠાલાલ નાયી)** **અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,** **મુ. કલોલ, જી. ગાંધીનગર.** **UIC No. GJ 00894**